પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૨૨, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૪-૦૧-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 122 PRICE :-RS. 1.50 DATE : 14-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થતા ઈંધણના ભાવ ભડકે બળ્યા

# તેલ કા ખેલઃ પેટ્રોલ મુંબઈમાં ૯૧, ગુજરાતમાં ૮૨ના રેકોર્ડ સ્તરે

★ દિલ્હીમાં પેટ્રોલ ૮૪.૪૫ અને ડિઝલ ૭૪.૬૩ના સ્તરે પહોંચ્યું, અમદાવાદમાં ડિઝલના ભાવમાં ૨૭ પૈસાનો વધારો થતા ૮૦.૪૫ની ટોંચે.

★ છેલ્લા ૧૦ મહિનામાં પેટ્રોલની કિંમતમાં લિટર દીઠ ૧૪ રૂપિયાથી વધુનો વધારો થયો.



મુંબઈ,

દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં બુધવારે ફરી વધારો કરવામાં આવ્યો છે. બંનેના ભાવમાં લિટર દીઠ ૨૫ પૈસાનો વધારો થયો છે. દેશની આર્થિક રાજધાની મુંબઈમાં પેટ્રોલ લીટરદીઠ ૯૧ રૂપિયાને પાર કરી ગયું છે. દિલ્હીમાં બુધવારે પેટ્રોલ ૮૪.૪૫ રૂપિયા અને ડીઝલ ૭૪.૬૩ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. છેલ્લા પાંચ દિવસથી ઈંધણના ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો, પરંતુ આજે બંને ઈંધણના ભાવમાં ૨૫-૨૫ પૈસા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા ૧૦ મહિનામાં પેટ્રોલની કિંમતમાં લિટર દીઠ ૧૪ રૂપિયાથી વધુનો વધારો થયો છે. આજે ગુજરાતમાં પણ પેટ્રોલના ભાવમાં વધારો થયો છે. તેમાં અમદાવાદમાં પેટ્રોલ ૨૪ પૈસા વધીને ૮૧.૯૦ રૂપિયા પ્રતિ લિટરે પહોંચ્યો છે. જ્યારે ડિઝલમાં ૨૭ પૈસાનો વધારો થતા ૮૦.૪૫ના સ્તરે પહોંચ્યું છે.

આ વધારા પછી, દિલ્હીમાં પેટ્રોલ ૮૪.૪૫ અને ડીઝલ ૭૪.૬૩ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે, અને મુંબઈમાં પેટ્રોલ ૯૧.૦૭ રૂપિયા અને ડીઝલ ૮૧.૩૪ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. આ જ રીતે કોલકાતામાં પણ પેટ્રોલ ૮૫.૯૨ રૂપિયા અને ડીઝલ ૭૮.૨૨ રૂપિયા અને ચેન્નઈમાં પેટ્રોલ ૮૭.૧૮ રૂપિયા અને ડીઝલ ૭૯.૯૫ રૂપિયા પર પહોંચી ગયું છે. નોઈડામાં પેટ્રોલ ૮૪.૨૫ રૂપિયા અને ડીઝલ ૭૫.૦૭ રૂપિયા પર પહોંચી ગયું છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારાને લીધે મોંઘવારી વધવાની સંભાવના છે. નોંધપાત્ર વાત એ છે કે ક્રૂડ ઓઈલનો ભાવ સતત વધી રહ્યો છે. મંગળવારે ન્યુ યોર્ક ક્રૂડ એક્સચેંજ પર ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો હતો. સિંગાપોરમાં આજે સવારે કારોબારની શરૂઆતમાં ડબ્લ્યુટીઆઈ ક્રૂડના ભાવમાં થોડો વધારો જોવાયો હતો. બ્રેન્ટ ક્રૂડની કિંમત ઝડપી છે, તે બેરલ દીઠ ૫૬ ડોલરની આસપાસ કારોબાર કરી રહ્યો છે. જોકે, ભારતીય બાસ્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવની અસર એક મહિના પછી જોવા મળે છે. પરંતુ ગત એક મહિનાથી ક્રૂડ ઓઈલ મજબૂત બની રહ્યું છે.

વિદેશી કરન્સી દરોની સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડનો ભાવ શું છે, તેના આધારે રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર થાય છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં એકસાઈઝ ડ્યૂટી, ડીલર કમીશન અને અન્ય ચીજો જોડ્યા બાદ આ ભાવ લગભગ બે ગણા થઈ જાય છે. નોંધનીય છે કે રોજ સવારે ૬ વાગ્યે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર થાય છે. સવારે ૬ વાગ્યાથી જ નવા દર લાગુ થઈ જાય છે.

## આજે ઉત્તરાયણઃ હવામાન વિભાગે પવન મુદ્દે આગાહી કરી

ગાંધીનગર,

૨૦૨૧ના વર્ષની પહેલો તહેવાર ઉતરાયણ. અને અમદાવાદની ઉતરાયણની ઉજવણી પણ વિશેષ હોય છે. પરંતુ ચાલુ વર્ષે તો કોરોનાની ગાઈડલાઈન અને સરકારની માર્ગદર્શિકાના પાલન સાથે ઉત્તરાયણની ઉજવણી કરવાની છે. ત્યારે અમદાવાદવાસીઓએ તો તૈયારી કરી લીધી છે અને દર વર્ષેની જેમ ચાલુ વર્ષની પણ ઉતરાયણ ઉજવવા માટે ઉત્સાહનો માહોલ છે. ત્યારે હવામાન વિભાગે ઉત્તરાયણના દિવસે પવન હશે કે નહીં તે અંગેની આગાહી કરી છે તે પણ જોઈએ. ઉતરાયણની ઉજવણી વિશેષ તો ત્યારે જ બને છે જ્યારે પતંગ ચગવા માટે પવન સારો હોય. હવામાન વિભાગે તો આગાહી કરી છે કે, અમદાવાદમાં ઉતરપૂર્વ-પૂર્વના પવન ફૂંકાશે અને પ્રતિકલાકે પવનની ગતિ ૮થી ૧૦ કિલોમીટરની રહેશે.

દર વર્ષે પણ ઉતરાયણમાં પવન સામાન્ય હોય છે. ગત વર્ષે પણ ૧૫થી ૨૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો.પવન સામાન્ય રહેવાના કારણે પતંગરસિઓ માટે સવારમાં પતંગ ન ચગતા નિરાશા જોવા મળી હતી. તો ચાલુ વર્ષે તો પવનની ગતિ ૮થી ૧૦ કિલોમીટરની જ રહેવાનું અનુમાન છે. ત્યારે પવનની સામાન્ય ગતિમાં પણ પતંગરસિયાઓ કેવી મજા લૂંટે છે તે જોવું રહ્યું. અમદાવાદના યુથે તો તૈયારીઓ કરી લીધી છે. માર્ગીલ ઠક્કરે જણાવ્યું છે કે, ૨૦૨૦ના તહેવારો કોરોના કારણે ઉજવી શક્યા નથી.

પરંતુ ૨૦૨૧નો પહેલો તહેવાર અને સરકારે પણ છૂટછાટ આપી છે. કોરોનાની ગાઈડલાઈન સાથે ઉતરાયણની ઉજવણી કરીશું અને પતંગ પણ નાના લીધા છે જે પવનની ગતિ ઓછી હોય તો પણ ઉડી શકશે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ દ્વારા પણ આગાહી કરવામાં આવી છે કે, ઉત્તરાયણના દિવસે ૮થી ૧૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. પણ સવારમાં પવનની ગતિ ઓછી રહેશે અને બપોર બાદ પવનની ગતિ વધશે.એટલે પતંગ રસિયા માટે નિરાશા રહે પણ બપોર બાદ પવનની ગતિ વધશે. જેના કારણે પતંગરસિયાનો ઉત્સાહ બની રહેશે.

## આરોગ્ય મંત્રાલયે કોરોના વેક્સિનેશન વચ્ચે પોલિયો રસીકરણ અભિયાન સ્થગિત કર્યું

ન્યુ દિલ્હી,

શમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વેક્સિનેશન અભિયાન શરુ થવા જઈ રહ્યું છે. જેની અસર હવે દેશમાં ચાલતા અન્ય રસીકરણ અભિયાનો ઉપર થઈ રહી છે. કોરોના વેક્સિનેશનના કારણે સ્વાસ્થ્ય મંત્રાલયે પોલિયો અભિયાનને સ્થગિત કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. ૧૭ જાન્યુઆરીએ દેશભરમાં પોલિયો રસીકરણ દિવસની ઉજવણી થવાની હતી, જેને આગલા આદેશ સુધી સ્થગિત કરવામાં આવ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા બુધવારે આ વાતની માહિતિ આપવામાં આવી છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે આકસ્મિક ગતિવિધિઓના કારણે પોલિયો અભિયાન સ્થગિત કરવનાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પોલિયો અભિયાન માટે જે ટીમો કામ કરે છે તે ટીમો હવે કોરોના વેક્સિનેશન માટે કામ કરશે. ઉલ્લેખનીય છે કે ભારતમાં મોટા પ્રમાણમાં પોલિયો રસીકરણ અભિયાન ચલાવવામાં આવે છે. જેના કારણે ભારત ૨૭ માર્ચ ૨૦૧૪ના દિવસે જ પોલિયો મુક્ત બન્યો હતો. ત્યારબાદ પણ સાવધાનીના ભાગરુપે પોલિયો રસીકરણ શરુ રાખવામાં આવ્યું છે. જેથી કોઈ બાળક પોલિયોનો શિકાર ના બને.

દર વર્ષે લાખો બાળકોને પોલીયોની રસી આપવામાં આવે છે. ભારત દુનિયાનું સૌથી મોટું પોલિયો અભિયાન ચલાવે છે. ત્યારે હાલ પુરતી તેના પર રોક લગાવવામાં આવી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આગલા આદેશ સુધી તેને સ્થગિત કરવામાં આવ્યું છે. વર્તમાન સમયે કોરોના મહામારી સામે લડવાનું સૌથી જરુરી હોવાથી આ નિર્મય કરવામાં આવ્યો છે.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મુખ્યમંત્રીના હસ્તે મહિસાગર જિલ્લામાં

# વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત અને કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ

લુણાવાડા, રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું છે કે અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારના ૧૪ જિલ્લાના આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે રૂ. એક લાખ કરોડનો યોજનાકીય ખર્ચ કર્યો છે. આ વિસ્તારોમાં શિક્ષણ, આવાસ, કૃષિ, સિંચાઇ, પશુપાલન, આરોગ્ય, રસ્તા અને વીજળીની સુવિધા બહેતર બનાવવામાં આવી છે. આ વિસ્તારોની રાજ્ય સરકાર વિશેષ ખેવના કરી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ઉક્ત સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે, અમારી સરકારે પેસા એક્ટનો અમલ કરી આદિવાસીઓને વનસંપદા અને ખનિજસંપદાના અધિકારો આપવા સાથે ૯૦ હજાર આદિવાસી પરિવારોને જંગલની જમીનના માલિકહક્કો આપ્યા છે.

મુખ્યમંત્રી રૂપાણીએ લુણાવાડા ખાતે મહિસાગર જિલ્લાના નાગરિકો માટે રૂ. ૧૧૭ કરોડના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું અને મધ્ય ગુજરાતમાં કિસાન સૂર્યોદય યોજનાના બીજા ચરણનો પ્રારંભ કરાવ્યો હતો.

તેમણે જણાવ્યું કે, ભૂતકાળમાં લોકોની સમસ્યાઓને નજર અંદાજ કરવામાં આવી હતી. તેના ઉકેલ માટે કોઇ જ યોજનાકીય કામગીરી કરવામાં આવી નહોતી. તેના પરિણામે ગરીબ વધુ ગરીબ થતો ગયો હતો. ખેડૂતો માટે બરબાદીના દિવસો આવી ગયા હતા. પણ, અમારી સરકારે લોકોની પ્રાથમિક જરૂરિયાતોને ધ્યાને રાખી કરેલા વિકાસ કામોથી લોકોની આશા, અપેક્ષાઓ અને સપનાઓ સાકાર કર્યા છે.

રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની તમામ ક્ષેત્રમાં કાયાપલટ કરી વિકાસને ચરમ સિમાએ પહોંચાડી, વિકાસની રાજનીતિના યુગનો સમગ્ર દેશમાં પ્રારંભ કરાવ્યો હતો.

મહિસાગર જિલ્લાના ખેડૂતો માટે આજે સોનાનો સૂરજ ઉગ્યો છે એવી લાગણી વ્યક્ત કરતા રૂપાણીએ કહ્યું કે, હવે ખેડૂતોને પાણી વાળવા માટે રાતના ઉજાગરા કરવા પડશે નહીં. પહેલા ખેડૂતો રાતે ખેતર ઉપર પાણી વાળવા માટે જતા ત્યારે તેમને જીવજંતી અને જંગલી પશુઓનો ડર રહેતો હતો. ઘર રહેલા તેમના પરિવારજનો પણ ચિંતાતુર રહેતા હતા. તેને ધ્યાને રાખીને રાજ્ય સરકારે ખેડૂતોની વર્ષોની જૂની માંગણીને સંતોષી રૂ. ૩૫૦૦ કરોડની કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકી છે. હવે ખેડૂતોને દિવસે ગુણવત્તાયુક્ત વીજળી મળતા રાતે ઉજાગરામાંથી મુક્તિ મળશે. દિવસે કામ અને રાત્રે આરામના કુદરતી નિયમનું અનુપાલન થશે. નરેન્દ્રભાઇએ જ્યોતિગ્રામ યોજના થકી રાજ્યના તમામ ગામોમાં ૨૪ કલાક વીજળી પહોંચાડી હતી અને અમે દેશમાં સર્વપ્રથમ વાર મહત્વાંકાક્ષી કિસાન સૂર્યોદય યોજના અમલી બનાવી ખેડૂતોને રાતના અંધારા ઉલેચ્યા છે.

આ માસના અંત સુધીમાં રાજ્યના ચાર હજાર ગામડાઓના ખેડૂતોને દિવસે વીજળી મળતી થઇ જશે તેમ જણાવતા તેમણે ઉમેર્યું કે, આગામી ત્રણ વર્ષમાં રાજ્યના તમામ ૧૮ હજાર ગામોને તબક્કાવાર કિસાન સૂર્યોદય યોજનામાં આવરી લેવાશે. પહેલા ખેડૂતોને લંગડી વીજળી એટલે કે વિક્ષેપ સાથે વીજળી આપવામાં આવતી હતી. ટ્રાન્સફોર્મર બળી ગયા બાદ મહિનાઓ સુધી તેને બદલવામાં આવતા નહોતા. પણ, અમારે ખેડૂતોને ગુણવત્તાયુક્ત વીજળી આપવા માટે સબસ્ટેશન વધાર્યા, ટ્રાન્સફોર્મરો તુરંત બદલ્યા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આદિવાસી વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણ સરળતાથી મળી રહે તે માટે તાલુકાકક્ષાએ વિજ્ઞાન પ્રવાહની શાળા અને કોલેજો, એકલવ્ય અને મોડેલ શાળાઓ, કુમાર અને કન્યા છાત્રાલયો શરૂ કરવા સાથે જિલ્લા મથકોએ મેડિકલ કોલેજ શરૂ કરી છે. જેથી આદિવાસી યુવક-યુવતીઓનું તબીબ-ઈજનેર બનવાનું સ્વપન સાકાર થશે.

રાજ્ય સરકારે દુર્ગમ વિસ્તારોના લોકોના આરોગ્યની સારી રીતે દરકાર કરી છે, એમ જણાવતા રૂપાણીએ ઉમેર્યું કે, સિકલસેલ એનીમિયા સામે અભિયાન ઉપાડવામાં આવ્યું છે. આદિવાસી પરિવારોને મા કાર્ડ અને આયુષ્યમાન કાર્ડ આપીને ગંભીર પ્રકારની બિમારીઓની વિનામૂલ્યે સારવાર કરાવી છે.

તેમણે એક મહત્વની વાત કરતા કહ્યું કે, કુદરતી સંપદા ઉપર પ્રથમ અધિકાર ગરીબો, પીડિતો અને વંચિતોનો છે અને તે અધિકાર આ સરકાર તેમને આપી રહી છે. આ સરકારના હૈયે હરહંમેશ ગરીબો, પીડિતો, શોષિતો, ખેડૂતો, આદિવાસીઓ, ગામડાઓ, મહિલાઓ અને યુવાનોનું હિત વસેલું છે.

રાજ્ય સરકારના વિકાસનો ગ્રાફ આપતા તેમણે કહ્યું કે, ભૂતકાળમાં રાજ્ય સરકારનું બજેટ માત્ર ૮-૯ હજાર કરોડ જેટલું જ હતું. પણ, આજે આ બજેટનો આંક રૂ. ૨.૧૦ લાખ કરોડને આંબી ગયું છે. એક વિભાગનું બજેટ ૧૦-૧૫ હજાર કરોડ જેટલુ તો શિક્ષણ અને આરોગ્યનું બજેટ ૩૦ હજાર કરોડ જેટલું થઇ જાય છે. તેનું કારણ એ છે કે, ભૂતકાળની સરકારોની તિજોરીમાં ભ્રષ્ટાચારના બાંખોરા હતા. વિકાસ કરવાની રાજકીય ઈચ્છાશક્તિ નહોતી.

કોરોનાકાળમાં પણ વિકાસની ગતિ અટકવા દીધી નથી, તેમ કહેતા રૂપાણીએ જણાવ્યું કે, છેલ્લા પાંચ જ માસમાં રૂ. ૨૫ હજાર કરોડના વિકાસ કામો રાજ્યમાં કરવામાં આવ્યા છે. ગુજરાતનો કોઈ વ્યક્તિ ભૂખ્યો ના રહે તે માટે ૬૭ લાખ લોકોને વિનામૂલ્યે-રાહતદરે રાશન આપવામાં આવી રહ્યું છે. આ ૬૭ લાખ ઉત્તરાયત નિમિત્તે એક કિલો ચણા વિનામૂલ્યે આપવાનો ઉદ્દાત નિર્ણય કરાયો છે.

રાજ્ય સરકારની સંકલ્પના વ્યકત કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાત આજે દંગામુકત, આતંકમુકત, ભયમુકત, દુષ્કાળમુકત વચેટિયામુકત, અંધારામુકત, લાયસન્સરાજમુક્ત બન્યું છે. હવે, અમે ગુજરાતને બેકારીમુકત, ભ્રષ્ટાચારમુકત, અજ્ઞાનમુકત, ભુખમુક્ત બનાવવાની દિશામાં દૃઢ નિર્ધાર સાથે આગળ વધી રહ્યા છીએ. ગાંધી, સરદાર અને મોદીનું ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે.

મુખ્યમંત્રીએ મહિસાગરના કવિ મનહર સુથારના કાવ્ય સંગ્રહ મનોગતનું વિમોચન પણ આ વેળાએ કર્યું હતું. ઉર્જા મંત્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું કે, સરકારે તમામ વર્ગની ચિંતા કરી છે. અને તેમના સર્વાંગી વિકાસ માટે યોજનાઓ અમલમાં મુકી છે. ભૂતકાળની સાપેક્ષમાં આજે થયેલા વિકાસ કામો નજર સમક્ષ છે.

તેમણે ઉમેર્યું કે, વીજળી અંગે લોકોની વર્ષોની માંગણી સંતોષવામાં આવી છે. વીજ ઉત્પાદન, તેની ગુણવત્તા, વિતરણ, કૃષિ વીજ જોડાણની સમસ્યા આ સરકારે ઉકેલી છે. ભૂતકાળની સરકારોએ મહિસાગર જિલ્લામાં ૪૨ વર્ષમાં ૬ હજાર કૃષિ વીજ જોડાણો આપ્યા હતા. તેની સામે અમારી સરકારે ચાર ગણા વધુ ૨૪ હજાર કૃષિ જોડાણ આપી ખેડૂતોને ગુણવત્તાયુક્ત વિજળી આપી છે. રાજ્ય સરકારે ખેડૂતોને રૂ.૧૮૦૦ કરોડ વીજ સબસીડી આપી છે. કૃષિ જોડાણના દરોમાં પણ ખેડૂતોના હિતોને ધ્યાને લઇ વધારો કરાયો નથી. આગામી ૨૦મી જાન્યુઆરી સુધીમાં ચાર હજાર ગામોના ખેડૂતોને દિવસે વીજળી મળતી થઇ જશે. બાકીના ગામોને તબક્કા વાર તેમાં આવરી લેવાશે.

રાજ્ય મંત્રી જયદ્રથસિંહ પરમાર, સાંસદ રતનસિંહ રાઠોડ તથા જસવંતસિંહ ભાભોરે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આરંભે સ્વાગત પ્રવચન એમજીવીસીએલના એમડી તુષાર ભટ્ટે સ્વાગત પ્રવચન અને આભારવિધિ કલેક્ટર આર. બી. બારડે કરી હતી.

આ પ્રસંગે ગુજરાત મહિલા આયોગના ચેરમેન લીલાબેન અંકોલીયા, ધારાસભ્ય સર્વ કુબેરભાઇ ડીંડોર, જીગ્નેશભાઇ સેવક, પુર્વ મંત્રી ભુપેન્દ્ર લાખાવાલા, પુર્વ ધારાસભ્યઓ, પક્ષ અગ્રણી દશરથભાઇ બારીયા, સંગઠનના પદાધિકારીઓ, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.ના મેનેજીંગ ડીરેક્ટર શાહમીના હુસૈન, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, જિલ્લા પોલીસ વડા આર.પી.બારોટ, જિલ્લાના અધિકારીઓ અને કિસાન સુર્યોદય યોજનાના લાભાર્થી ખેડૂતો હાજર રહ્યા હતા.






તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

## મહીસાગરમાં કોવીડ રસીકરણની પૂર્વ તૈયારીઓ: ૧૬ મી જાન્યુઆરીએ ચાર કેન્દ્રો ખાતે થી કરવામાં આવશે રસીકરણનો શુભારંભ

લુણાવાડા, જિલ્લા કલેકટર તેમજ જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લામાં તા.૧૬ મી જાન્યુઆરીના રોજ કોવીડ રસીકરણના પ્રારંભની પૂર્વ તૈયારીઓ પુરજોશમાં અને નિર્ધારિત પ્રોટોકોલ પ્રમાણે કરવામાં આવી રહી છે.

આ અંગે વિગતવાર જાણકારી આપતાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એસ.બી. શાહે જણાવ્યું કે રાજ્યના મુખ્ય સચિવએ આજે વિડિયો કોન્ફરન્સ દ્વારા આ બાબતમાં જિલ્લા કલેકટર સાથે સંવાદ કરીને માર્ગદર્શન આપ્યું હતું.

આ બાબતમાં ભારત સરકારે ઠરાવેલા પ્રોટોકોલ અને એસ.ઓ.પી.ને ચુસ્ત રીતે અનુસરીને જરૂરી પૂર્વ તૈયારીઓ કરવામાં આવી રહી છે. તા.૧૬મી ના રોજ રસી આપવાની કામગીરી શરૂ કરવા જિલ્લાના લુણાવાડા ખાતે અર્બન હેલ્થ સેન્ટર, કડાણાના સી.એસ.સી ખાતે, સંતરામપુરમાં ડીસ્ટ્રીકટ રેફરલ હોસ્પિટલ અને બાલાસિનોરમાં સી.એચ.સી ખાતે રસીકરણ બુથ રાખવામાં આવશે અને પ્રત્યેક સેન્ટર ખાતે અંદાજે ૧૦૦ લાભાર્થીઓને સમુચિત તકેદારી સાથે રસી આપવામાં આવશે. જેમને રસી આપવાની છે તેવા લાભાર્થીઓ (આરોગ્ય કાર્યકરો) ને એસએમએસથી તેમના કેન્દ્રની જાણ કરવામાં આવશે.

આ કામગીરી ની પૂર્વ તૈયારી રૂપે માનનીય જિલ્લા કલેકટર અને માન્ય જિલ્લા વિકાસ અધિકારી ના માર્ગદર્શનમાં તાલુકા આરોગ્ય અધિકારી જરૂરી તૈયારીઓ કરેલ છે. આજરોજ મહીસાગર ના રીજ્યોનાલ સ્ટોર ખાતે થી અંદાજિત ૮૦૦૦ જેટલા ડોઝ નો જથ્થો મહિસાગર જિલ્લાની ફાળવવામાં આવેલ છે.

ડો.શાહે જણાવ્યું કે ૧૬મી તારીખે સવારે ૦૮-૦૦ કલાકે આ કામગીરીનો શુભારંભ કરવામાં આવશે ત્યારે જિલ્લાના પદાધિકારી તેમજ અધિકારીઓ હાજર રહેશે અને આરોગ્યના વિવિધ કેડરના સરકારી તેમજ પ્રાઈવેટ વ્યક્તિઓને આ રસીકરણ માં આવરી લેવામાં આવશે.

મહીસાગર સહિત મધ્ય ગુજરાતના સાત જિલ્લા જેમાં ભરૂચ, નર્મદા, છોટા ઉદેપુર, વડોદરા, દાહોદ અને પંચમહાલનો સમાવેશ થાય છે, તેના રસીકરણ કેન્દ્રો માટેનો રસીનો જરૂરી જથ્થો વેક્સિન ખાતે આવશે અને પછી સમુચિત કોલ્ડ ચેન હેઠળ સંબંધિત જિલ્લા અને રસીકરણ કેન્દ્રો ખાતે પહોંચાડવાનું આયોજન છે.

## મહીસાગર જિલ્લામાં આજે ૦૧ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૩-૦૧-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૭૯ કેસ પોઝીટીવ નોધાયા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૧૧ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જ્યારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૧૧૪૪૭૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યક્તિઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૮ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૩ દર્દી હોમ આઇસોલેશન અને ૦૩ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૦ દર્દીઓ સ્ટેબલ અને ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

## લુણાવાડાના લાડવેલ ગામે સ્મશાનના ભઠ્ઠામાંથી લોખંડની એંગલો ચોરી જતાં લોકોમાં રોષ

લુણાવાડા, લુણાવાડા તાલુકાના લાડવેલ ગામે નદી પર સ્થિત સ્મશાનની ભઠ્ઠાના લોખંડની ગડર્સે હરામખોરો ચોરી જતાં અને નદી પર મુકેલા બાંકડા તોડી નાંખવામાં આવતા સ્મશાનને પણ નહિ છોડનારા હરામખોરો પ્રત્યે લોકોએ ફિટકાર વરસાવ્યો છે.

લુણાવાડા તાલુકાના લાડવેલ ગામના સ્મશાનમાં કોઠંબા ગામના ૩૫ ઉપરાંત ગામડાઓલનહી પ્રજા અગ્નિસંસ્કાર કરવા આવે છે. નદી કિનારા પરના આ સ્મશાનમાં લોખંડની ભઠ્ઠી મુકવામાં આવી છે. આ ભઠ્ઠીની નીચે મુકેલી લોખંડની ગડર્સે કોઇ હરામખોરો ચોરી ગયા છે. જયાં અગ્નિસંસ્કાર કરવામાં આવે તે નદીના પટમાં બેસવા બાંકડા મુકવામાં આવ્યા હતા. આ બાંકડાઓને પણ હરામખોરોએ તોડી નાંખતા ગ્રામજનોમાં સ્મશાનને પણ નહિ છોડનારા ચોરો અને હરામખોરો સામે રોષ ફેલાયો છે.

## ગોધરા શહેરમાં સૌ પ્રથમવાર પાવર લીફ્ટિંગ સ્પર્ધા યોજાઈ: મોટી સંખ્યામાં જિમ રસિયાઓ યુવાનો યુવતીઓએ ભાગ લીધો



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, ગોધરા શહેરના બગીચા રોડ પર આવેલા એકદંત ફિટનેસ સેન્ટરના સંચાલક વિશાલ જયસ્વાલ અને મયુર જયસ્વાલ દ્વારા ગોધરા શહેરમાં સૌ પ્રથમવાર પાવર લિફ્ટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવર લિફ્ટિંગ સ્પર્ધા એટલે કે ડેડલિફ્ટ સ્પર્ધા પંચમહાલ જિલ્લામાં સૌ પ્રથમવાર યોજાઇ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. બીજી તરફ ગોધરા શહેરના ૭૦ ઉપરાંત યુવાન યુવતીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. તો ૭૦ પૈકી ૧૦ યુવતીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ૫૦ કિગ્રાથી લઈને ૧૦૦ કિગ્રા સુધીના વજન મુજબ ૫ અલગ-અલગ શ્રેણીમાં સ્પર્ધાનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. ભાગ લેનાર સ્પર્ધકોને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ એમ ત્રણ કેટેગરીમાં વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા, મુખ્ય સ્પર્ધામાં રચિત પરીખને ચેમ્પિયન જાહેર કરવામાં આવ્યો હતો. ગોધરા શહેરના બગીચા રોડ પર આવેલા ગંગોત્રી કોમ્પલેક્ષના ધાબા પર આ સ્પર્ધા યોજવામાં આવી હતી.

## ગોધરા શહેર સહિત પંચમહાલ જિલ્લાનું ગૌરવ વધારતી અફસાના મકરાણી

ગોધરા, ગોધરા શહેર ની અફસાના મકરાણીને બેસ્ટ મેકઅપ આર્ટિસ્ટ ૨૦૨૧ નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. તાજેતરમાં જ ફરીદાબાદ ખાતે હોટેલ રેડીશન બ્લુમાં બ્યુટી મલ્ટીનેશનલ કંપની દ્વારા તા.૬ ના રોજ ઓલ ઈન્ડિયા બેસ્ટ મેકઅપ આર્ટિસ્ટ ની કોમ્પિટિશન યોજવામાં આવી હતી. જેમાં ભારતભર માંથી મોટી સંખ્યામાં આ કોમ્પિટિશનમાં ભાગ લેવા એકત્રિત થઈ હતી. જેમાં ગોધરા શહેરની અફસાના મકરાણી (પ્રિન્સેસ બ્યુટી પાર્લર)એ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા તેઓને કોમ્પિટિશનના નિર્ણાયકો એ બેસ્ટ મેકઅપ આર્ટિસ્ટ ૨૦૨૧ નો એવોર્ડ એનાયત કર્યો હતો. જેમાં બોલીવુડ અને ટેલિવુડ ની ખ્યાતનામ અભિનેત્રી સારા ખાન ના હસ્તે એવોર્ડ આપવામાં આવ્યો હતો.ત્યારે આ એવોર્ડ મેળવતા અફસાના એ ગોધરા શહેર સહિત પંચમહાલ જિલ્લાને ગૌરવાંતીત કર્યું છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૦૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૮૮૫ થયો

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૭ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૦૭ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૮૮૫ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૭ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૫, કાલોલ-૦૧, શહેરા -૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૪-૦૧-૨૦૨૧, ગુરૂવાર, મકરસંક્રાંતિ, પોષ સુદ-૧, સૂર્યોદય-૭-૩૦, સૂર્યાસ્ત-૬-૨૦, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ: મકર (ખ.જ.), નક્ષત્રઃ શ્રવણ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૩૪થી અભિજીત-૧૩-૧૮ સુધી, ૭-૩૦થી શુભ-૮-૫૨ સુધી, ૧૧-૩૫ થી ચલ-લાભ-અમૃત-૧૫-૩૯ સુધી, ૧૭-૦૧થી શુભ-અમૃત-ચલ-૨૧-૩૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૩૦થી ૮-૨૪ સુધી, ૧૦-૧૩થી ૧૨-૫૬ સુધી, ૧૩-૫૦થી ૧૪-૪૫ સુધી, ૨૬-૩૩ થી ૧૯-૨૮ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૧૪.૦૧.૨૦૨૧ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.) :- સ્થાનીક સ્તરે તમારી કંપની પ્રંબધ થવાની નોકરીમાં મનગમતી જગ્યા મળે રાજકીય વ્યકિતની મુલાકાત થાય.
વૃષભ(બ.વ.ઉ.) :- લગ્ન ઈચ્છુકોને સફળતા મળે રહેવાનો નવા આયોજનો કોઈની મદદ મળે માતાનો સહકાર મળે.
મિથુન(ક.છ.ઘ.) :- વિદેશના પ્રવાસની શકયતાઓ ઉભી થાય નવી મિત્રતા લાભદાયક રહે સંસ્થાનો સારો હોદો સહકાર રહે.
કર્ક(ડ.હ.) :- નળબા વિચારોને ટાળજો કર્જ કરવાથી દુર રહેજો દસ્તાવેજના કાર્યમાં કોઈ ઉતાવણ ન કરવી.
સિંહ(મ.ટ.) :- આવક વધારવાના પ્રયત્નો ફળે એકીએક નાણા માટે આશાવાદ ફળવાનો વિજાતીય મિત્રતા ગાઢ બને.
કન્યા(પ.ઠ.ણ.) :- વિદેશ વસતા સગા સ્નેહીઓ તરફથી શુભેચ્છા સંદેશો મેળવાશે સગાઈ લગ્નની ઈચ્છામાં સફળતા.
તુલા(ર.ત.) :- નાના કાર્યોમાં પણ ચીવટ રાખજો બિન જરૂરી વિવાદથી દુર રહેજો આવક વધારવાના પ્રયત્નો ફળવાના.
વૃશ્ચિક(ન.ય.) :- આર્થીક પ્રશ્નોને લઈને પ્રગતીના અવકરોધો રહે ધાર્મીક સંસ્થાના સારો હોદો મેળવશે કર્જ ન કરવુ.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- નવી ઓળખાણ થી લાભ રહે રચનાત્મક પ્રવૃતિમાં રૂચી વધવાથી ખર્ચ ઉપર કાબુ રાખવા પ્રયાસ થાય.
મકર(ખ.જ.) :- તમારી મહેનતનું ફળ મળવાનુ છે નોકરીમાં લાભ રહે કર્મચારી વર્ગને સફળતા રહે સ્વાસ્થય જાળવવું.
કુંભ(ગ.શ.સ.) :- સંતાનોની સગાઈ બાબતના કાર્યને લઈને પ્રવાસ થાય આવકનું પ્રમાણ જળવાઈ રહે નોકરીમાં બદલીના ચાન્સ.
મીન(દ.ચ.ઝ.) :- ઉત્સાહ વધવાનો કાનુની પ્રશ્નોથી દુર રહેજો રહેણાકના મકાનમાં બદલીના ફેરફારો થવાની ઈચ્છા ફળવાની.

# આઉટ સોર્સીંગ નીતિ નાબૂદ કરવાની માંગ સાથે દાહોદ જીલ્લાના કર્મચારીઓ માસ CL પર ઉતરી રેલી યોજી

દાહોદ,
ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા આઉટસોર્સિંગની નિતી નાબુદ કરવાની માંગ સાથે માસ સીએલ ઉપર ઉતરી સફેદ વસ્ત્ર પહેરી આઉટસોર્સિંગની નિતીનું બેસણું કરી ભારે વિરોધ દર્શાવી આજરોજ આ કર્મચારીઓએ દાહોદ શહેરમાં ભવ્ય રેલી કાઢી જિલ્લા પંચાયત ખાતે પહોંચ્યા હતાં અને જ્યાં આવેદનપત્ર આપ્યું હતું.

આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧૦ થી વર્ગ - ૪ની કાયમી ભરતી બંધ કરી આઉટસોર્સિંગની નિતી અમલમાં મુકાવામાં આવેલ ચે. સમયાંતરે વર્ગ-૩ ની રેગ્યુલર મહેકમની ખાલી જગ્યાઓમાં પણ આઉટસોર્સિંગ શરૂ કરી દેવામાં આવેલ છે. આ આઉટસોર્સ મેન પાવર દ્વારા કર્મચારીઓ પુરા પાડતી એજન્સીઓ દ્વાર કર્મચારીઓને નિયત વેતન કરતાં ઓછુ વેતન આપતાં હોવાથી ઈપીએફ, ઈએસઆઈસી, બોનસ અને એરિયસ ચુંકવવામાં ધાંધલી કરતી હોવાની અવરા નવાર ફરિયાદો ઉઠતી હતી પરંતુ અધિકારીઓની લાપરવાહીથી યોગ્ય તપાસ ના કરવાના કારણે વર્ષોથી એજન્સીઓ દ્વારા કર્મચારીઓનું શોષણ યથાવત રહેલ છે. આરોગ્ય વિભાગ હસ્તકના તમામ આરોગ્ય કેન્દ્રોના આઉટસોર્સ કર્મચારીઓનો નવેમ્બર મહિનાનો પગાર એસ્કો એકાઉન્ટ દ્વારા ચુકવવાનો કમિશ્નર આરોગ્ય, તબીબ સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર દ્વારા આદેશ કરવા છતાંય અધિકારીઓની લાપરવાહીના કારણે સમયસર એસ્કો એકાઉન્ટ ન ખુલવાને કારણે એજન્સીના કોન્ટ્રાકટ પુર્ણ થઈ જવા છતાંય કર્મચારીઓનો નવેમ્બર અને ડિસેમ્બર મહિનાનો પગાર હજી સુધી ચુકવાયો નથી જેના કારણે જીવના જોખમે કોરોનાની કામગીરી કરતાં કર્મચારીઓમાં આક્રોશ વ્યાપી ગયેલ છે. આ તમામ માંગણીઓ સાથે આ કર્મચારીઓએ એક પણ ચીમકી ઉચ્ચારી હતી કે, કોરોના વેક્શિનની કામગીરીનો બહિષ્કાર કરતાં પણ અચકાઈશું નહીં તેમ જણાવ્યું હતું.

## રાજ્ય આરોગ્ય કર્મચારી મહામંડળની માંગણીના પડતર પ્રશ્નોનો નિકાલ નહી આવતાં પ્રતિક ઉપવાસ કરશે

દાહોદ,
ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા પોતાની વિવિધ માંગણીઓ સંદર્ભે લાગતા વળગતાં જિલ્લા વહીવટી તંત્ર સમેત ઉચ્ચ સ્તરીય અનેકવાર રજુઆતો કરવા છતાંય આજદિન સુધી આ પડતર માંગણીઓનો અનુકુળ જવાબ તેમજ નિરાકરણ નહીં આવતાં આક્રોશના મુડમાં આવેલ આ મહાસંઘ દ્વારા આવનાર દિવસોમાં અચોક્કસ મુદતની હડતાળ, સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ઉપવાસ વિગેરે કાર્યક્રમો કરવાની ફરજ પડી છે અને આ કાર્યક્રમોમાં દાહોદ જિલ્લાના આરોગ્ય કર્મચારીઓ પણ જોડાયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

જાણવા મળ્યા મુજબ ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા રાજ્ય સરકારને તારીખ ૨૦.૧૨.૨૦૧૮ અને તારીખ ૧૫.૧૨.૨૦૨૦ના આવેદનપત્ર તથા તારીખ ૦૧.૦૧.૨૦૨૧ની આંદોલનની લેખિત નોટીસ તારીખ ૨૦.૧૨.૨૦૧૮ અને તારીખ ૧૫.૧૨.૨૦૨૦ના આવેદન તથા તારીખ ૦૧.૦૧.૨૦૨ની આંદોલનની લેખિત નોટીસ તારીખ ૨૭.૦૨.૨૦૧૯ અને તારીખ ૨૫.૧૨.૨૦૧૯ એમ બે હડતાળના સમાધનપત્રો થયેલ હોવા છતાંય અને અગ્રસચિવ આરોગ્ય સાથેની તારીખ ૧૧.૦૧.૨૦૨૧ની બેઠકમાં સાનૂકુળ પ્રતિભાવ ન મળતાં સફ્વ પરિણામ મળશે તેવા પ્રકારની પ્રતિતિ થયેલ ન હોય ના છુટકે સરકાર સામે મહાસંઘને આંદલોન અંગેના જડબેસલાક કાર્યક્રમો આપવાની કડક ફરજ પડેલ હોવાનું જાણવા મળ્યું છે અને આર યા પાર ના સંકલ્પ અનુસાર તારીખ ૧૨.૦૧.૨૦૨૧ થી અચોક્કસ મુદ્દતની હડતાળ, સત્યાગ્રહ છાવણી, ગાંધીનગર ખાતે પણ કોરોના ગાઈડ લાઈન મુજબ પ્રતિક ઉપવાસ તથા ધરણાં કરવામાં આવશે. આ તમામ કાર્યક્રમોમાં દાહોદ જિલ્લાના આરોગ્ય કર્મચારીઓ પણ સામેલ થયાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

# દે.બારીઆ શહેરમાં આકાશી યુદ્ધ એટલે ઉત્તરાયણના પર્વ માટે કાઉન્ટ ડાઉન શરૂ


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,
દે.બારીઆ શહેર તથા પંથકમાં મકર સક્રાંતિ એટલે ઉત્તરાયણના આકાશી યુદ્ધ માટે પતંગબાજો એ તા.૧૪/૦૧/૨૦૨૧ના ગુરુવારના રોજ માટે પૂરી તૈયારી કરી લીધી છે. અરસપરસ ફ્રેન્ડ સર્કલને ઈન્વીટેશન આપતાં આપણે સાથે પતંગ ચગાઈશું મારા ઘરના ધાબા ઉપર આવજે. જ્યારે પતંગના વેપારીઓ પોતાની દુકાનોમાં સાંકળ આંઠ દોરી, રીલ અનેક રંગબેરંગી ૨૦૨૦ની વિદાયની પતંગો ૨૦૨૧ને આવકારતી પતંગો બજારમાં આવી ચૂકી જ્યારે દે.બારીઆ શહેરની પ્રખ્યાત પતંગ જે હારૂન પતંગ અને કાલીચા હુસેન જે પતંગ છે. તેને સ્થાનિક કારીગરો બનાવે છે. તે આખું વર્ષ આ પતંગો બનાવવા માટે લાગે છે અને આ ઉત્તરાયણના પર્વના એક સપ્તાહમાં આખા વર્ષની મહેનતની કમાણી માટે રાહ જોતા હોય છે. આ બે પતંગોનો પેચ અનેરો હોય છે. ભૂલકાઓ માટે ફુગ્ગાના વેપારીઓ પણ આવી ચૂક્યા છે. ગોગલ્સ, ટોપી હેટ સાથે પિપૂડાનું વેચાણ થઈ રહ્યું છે. આ પર્વમાં યુવતિઓ પણ રૂચી લઈ રહી છે. જ્યારે બીજી બાજુ ઉંધીયું, જલેબી, ફાફડાના સ્ટોલો માટે મેન સર્કલ બજારમાં તેમજ એક પત્તી પાસે પથારા નાખી ચૂકયા છે. શહેરવાસીઓ ફેસ્ટીવલ માની આ પર્વ ઉજવણી કરતા આવ્યા છે.

ઉત્તરાયણ, મકરસક્રાંતિ તરીકે ગુજરાતમાં આ પર્વ પ્રખ્યાત છે. ઉત્તરાના રાજ્યોમાં લોહરી નામથી ઉજવણી થાય છે. જ્યારે દક્ષિણના રાજ્યોમાં આ પર્વને પોંગલ તરીકે નામના મેળવી છે. તલની ચિકીના તથા કચરીયું તલ અને ગોળ માંથી બને છે. તે પણ ખાવાના શોખીન છે. હજારો રૂપીયાના જલેબી-ફાફડા શહેરવાસીઓ ઝાપટી જાય છે.

૨૦૨૦ના વર્ષે એક સરકારશ્રીની ગાઈડ લાઈન પ્રમાણે આપણે પસાર કર્યો છે. આ પર્વ પણ આપણે સોશ્યલ ડિસ્ટનસ રાખી ધાબા-આગાસી ઉપર સૌથી વધારે વ્યકિતઓ ભેગા ના થાય તે ધ્યાન રાખવાનો છે. આ પર્વમાં પશુઓ માટે ઘાસચારો આપતાં દેખાવા મળે છે. જ્યારે ગૌશાળા માટે દાન લેવા માટે ગૌશાળાની કમીટીના સભ્યો ઉત્તરાયણના દિવસે દાન પેટે જે બને તે પોતાનું યોગદાન મુંગા પશુઓ માટે સેવા કરતા હોય છે. આ રીતે એક ફેસ્ટીવલ રીતે એક વર્ષમાં આવતું પર્વની ઉજવણી કરવા માટે શહેરવાસીઓ થનગની રહ્યા છે.

## દે.બારીઆના ડુંગર ઉપર મુંઢેશ્વરી મંદિર સુધી જવા રસ્તો બનાવવા માંગ

દે.બારીઆ,
દે.બારીઆ તાલુકાના રેબારી ગામે ડુંગર ઉપર મુંઢેશ્વરીમાં તેમજ વાઘેશ્વરીમાં અને ભગવાન નીલકંઠેશ્વર મહાદેવનુ પ્રાચીન મંદિર આવેલ છે. આ મંદિરે પુનમે, શિવરાત્રિએ, નવા વર્ષના રોજ ભાવિક ભક્તોનો મેળો ભરાતો હોય છે. આજુબાજુના ગામડાના લોકો પણ દર્શને આવતા હોય છે. હાલમાં લોકડાઉન પછી આ મંદિરે ભાવિક ભક્તો ફરીથી દર્શન માટે આવતા-જતા હોય છે. આ મંદિરે જવા માટે એક પથ્થરની કેડીવાળો પગદંડી રોડ હતો. ધીમે ધીમે આ સ્થાનક ઉપર દર્શન કરવા ભક્તોની સંખ્યા વધતી ગઈ અને ગામલોકોએ શ્રમદાન કરી રસ્તો બનાવ્યો હતો. આ ડુંગર ઉપર પાંડવોના વખતના ભીમના પગલાની એક પથ્થર ઉપર મોટી છાપ છે. જ્યારે વાઘેશ્વરી માં ના મંદિર નીચે એક ઉંડુ ભોંયરૂ છે. જેની ઉંડાઈ હજુ કોઈને ખબર નથી. વાઘેશ્વરી માં ના મંદિરમાં આજેપણ કોઈક સમયે વાઘ આવીને મુર્તિ પાસે થોડીર વાર બેસીને ક્યાંક જતો રહે છે. પણ તેનો કોઈ પત્તો મળતો જ નથી. જે વાત વડવાઓના જણાવ્યા મુજબ તદ્દન સાચી છે.

આ મંદિર ડુંગરની ટોચ ઉપર આવેલ છે. જ્યાં આવવા-જવા માટે રસ્તો મંજુર રાવી આપવાની ખાતરી આપી હતી પણ હજુ સુધી રસ્તો બન્યો નથી. ગામલોકોના લોકફાળાથી અને શ્રમદાનથી બે કિમી સુધીના આ રોડનુ કામ થઈ રહ્યુ છે. જેથી માતાજીના મંદિર જવાનો રસ્તો વહેલી તકે બનાવાય તેવી યાત્રિકોની માંગ છે.

# રૂપાણી સરકાર તુવેર, રાઈડો અને ચણાની ટેકાના ભાવે કરશે ખરીદી

ગાંધીનગર,
આજરોજ બુધવારે ગાંધીનગર ખાતે કેબિનેટ બેઠક મળી હતી. જેમાં ખેડૂતો પાસેથી તુવેર, રાઈડો અને ચણાની ટેકાના ભાવે ખરીદીની તારીખો અને ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. આ અંગે કેબિનેટ મંત્રી જયેશ રાદડિયાએ પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી હતી. જયેશ રાદડિયાએ જાહેરાત કરી હતી કે ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવાની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. ટેકાના ભાવનું પેમેન્ટ પણ ખેડૂતોને ચૂકવી આપવામાં આવ્યું છે. જો કોઈને પેમેન્ટ બાકી હશે તો બે ત્રણ દિવસમાં ચૂકવી દેવામાં આવશે. આ ઉપરાંત ડાંગર અને મકાઈની ખરીદીની તારીખો લંબાવવાની જાહેરાત કરવામાં આવી છે.

અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતના કેબિનેટ મંત્રી જયેશ રાદડિયાએ જાહેરત કરી છે કે આગામી ૧૫ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી દરમિયાન તુવેરની નોંધણી કરાવી શકાશે. આ નોંધણી ગ્રામ્ય સ્તરે પણ કરી શકાશે. જે બાદમાં જેમણે પોતાની તુવેરની નોંધણી કરાવી હશે તેમની તુવેરની ખરીદી પહેલી ફેબ્રુઆરીથી પહેલી પહેલી મે સુધી કરવામાં આવશે. ૧૦૫ માર્કેટિંગ યાર્ડ મારફતે ૬,૦૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવે તુવેરની ખરીદી કરવામાં આવશે. ખેડૂતો ચણાનું ટેકાના ભાવે વેચાણ માટે પહેલી ફેબ્રુઆરીથી ૧૫મી ફેબ્રુઆરી સુધી નોંધણી કરાવી શકશે. જે બાદમાં ૧૬મી ફેબ્રુઆરીથી ૧૬મી મે સુધી ટેકાના ભાવે ચણાની ખરીદી કરવામાં આવશે. ક્વિન્ટલ દીઠ ૫,૧૦૦ રૂપિયાના ભાવે ૧૮૮ ખરીદી કેન્દ્રો પરથી ચણાની ખરીદી થશે.

રાઈડા માટે ખેડૂતો પહેલી ફેબ્રુઆરીથી ૧૫મી ફેબ્રુઆરી સુધી નોંધણી કરાવી શકશે. ૧૬મી ફેબ્રુઆરીથી ૧૬મી જૂન સુધી રાઈડાની ખરીદી ક્વિન્ટલ દીઠ ૪,૬૫૦ રૂપિયાના ભાવે કરવામાં આવશે. આ માટે ૯૯ માર્કેટિંગ યાર્ડ નક્કી કરાયા છે. મંત્રી રાદડિયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી પૂર્ણ થઈ ગઈ છે. અત્યાર સુધી ૧૮,૭૭૨ ખેડૂતોએ પોતાની મગફળી વેચી છે. સરકારે ૧૬ હજાર કરોડની ખરીદી કરી છે. આ સાથે જ ડાંગર અને મકાઈની ખરીદીની પ્રક્રિયા લંબાવવાની જાહેરાત કરવામાં આવી છે. હવે ૩૧મી જાન્યુઆરી સુધી ખરીદી પ્રક્રિયા ચાલશે.

## બિહારમાં માનવતા શર્મસાર: દિવ્યાંગ બાળકી સાથે દુષ્કર્મ, આંખો ફોડી નાંખી

પટના,
બિહારના મધુબની જિલ્લામાં મંગળવારે એક દિવ્યાંગ (મૂક-બધીર) બાળકી સાથે ગેંગરેપની ઘટના બની છે. ગેંગરેપથી ના અટકતા આરોપીઓ દ્વારા તેની બંને આંખો પણ ફોડી નાંખવામાં આવી છે. આ ઘટના બાદ બિહારના વિપક્ષી દળો અને નેતાઓ સત્તાપક્ષ અને મુખ્યમંત્રી નીતીશ કુમાર તેમજ એનડીએને નિશાન બનાવી રહ્યા છે.

આરજેડીના નેતા તેજસ્વી યાદવે તો મુખ્યમંત્રી નીતીશ કુમારના રાજીનામાની માંગ કરી છે. તેજસ્વી યાદવે બુધવારે ટ્વિટ કરીને કહ્યું કે અનૈતિક સરકારના સંરક્ષણમાં અપરાધ અને દુષ્કરમોની સંખ્યા દરરોજ વધી રહી છે, તે એનડીએની સામુહિક નિષ્ફળતા છે. નીતીશજી દ્વારા અપરાધોને છુપાવવાના પ્રાયસ અને સ્વીકાર નહીં કરવું એ જ સૌથી મોટો અપરાધ છે લઅને અપરાધીઓ માટે રામબાણ છે. જો તેમનાથી બિહાર ના સંભાળાતું હોય તો તરત રાજીનામુ આપી દે. તો બીજી ટ્વિટમાં કહ્યું કે મધુબની જિલ્લામાં ગરીબ દિવ્યાંગ બાળકી સાથે બલાત્કાર થયો અને તેની બંને આંખો પમ ફોડી નાંખવામાં આવી. બિહારમાં સતત ગરીબ નાની બાળકીઓ સાથે બલાત્કારના સમાચારો આવી રહ્યા છે. પરંતુ ગરીબ હવાનું જાણીને સરકાર કે પોલીસ કોઈ હલતું નથી. તો આરજેડીએ પણ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે સી ગ્રેડ પાર્ટીના મુખ્યમંત્રીજી, ક્યાં સુધી સત્તાનું રક્ષણ મેળવનારા રાક્ષસો સગીર વયની બાળકીઓની ઈજ્જત લૂંટતા રહેશએ અને બિહારને શર્મસાર કરતા રહેશ?

## દેશના મોટા ભાગના વિસ્તારોમાં કાતિલ ઠંડી પડવાની હવામાન વિભાગે આગાહી




ગાંધીનગર,
છેલ્લા બે દિવસથી અમદાવાદ સહિત રાજ્યના કેટલાક જિલ્લામાં ઠંડીમાં ઘટાડો નોંધાયો છે. છેલ્લા બે દિવસથી ઠંડીથી લોકોને રાહત મળી છે. ત્યારે આગામી કેટલાક દિવસોમાં દેશના મોટા ભાગના વિસ્તારોમાં કાતિલ ઠંડી પડવાની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી. ભારતીય હવામાન વિભાગે કરેલી આગાહી અનુસાર ઉત્તર ભારતના મેદાની વિસ્તારોમાં ઓરેંજ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સાથે જ આગામી દિવસોમાં ધુમ્મસ પણ વધી શકે છે. દક્ષિણમાં તામિલનાડુ, કેરળ, પુડુચેરી અને કરાઈકલમાં ભારેથી અતિ ભારે વરસાદ વરસવાની શક્યતા છે.

એટલુ જ નહી પૂર્વ અને મધ્ય ભારતમાં આગામી દિવસોમાં તાપમાનમાં બેથી પાંચ ડિગ્રીનો ગગડવાની શક્યતા છે. બીજી બાજુ કાશ્મીરમા કાતિલ ઠંડીથી સ્થિતિ વણસી છે. શ્રીનગરમાં ડલ તળાવ પૂરી રીતે જામી ગયું છે. ગુલમર્ગમાં પારો માઈનસ ૧૧ ડિગ્રી સુધી પહોંચી ગયો છે. લદ્દાખમાં તાપમાન માઈનસ ૨૦ ડિગ્રી સુધી પહોંચી ગયો છે. ઉત્તરાખંડના કેદારનાથ ધામ ત્રણ ફુટ સુધી બરફથી ઢંકાઈ ગયું છે. તમામ પગપાળાના રસ્તા બંધ છે. ૧૬ નવેમ્બરથી બાબા કેદારનાથના કપાટ બંધ થયા બાદથી જ સતત બરફવર્ષા થઈ રહી છે. હવામાન વિભાગે ૧૩-૧૬ જાન્યુઆરી માટે પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યે છે. તેમાં ૧૩ જાન્યુઆરી માટે રાજસ્થાન માટે પણ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે હવામાન વિભાગનું કહેવું છે કે, દિલ્હી-એનસીઆરમાં ૩ ડિગ્રી સુધી પારો ગગડી શકે છે.

## ગુજરાત જમીન વિકાસ નિગમના વર્ગ-૩ નિવૃત્ત કર્મચારી પાસે ૧ કરોડની મિલકતો મળી

અમદાવાદ,
એન્ટી કરપ્શન બ્યુરોએ ગુજરાત જમીન વિકાસ નિગમની કચેરી, તાપીના ફિલ્ડ આસીસ્ટન્ટ ( વર્ગ-૩)ની પાસેથી એક કરોડથી વધુની બેનામી સંપત્તિ મળી આવતા તેની વિરુદ્ધ અપ્રમાણસર મિલ્કતનો ગુનો દાખલ કર્યો છે. તાપી વ્યારાના હાલ નિવૃત્ત ફિલ્ડ આસીસ્ટન્ટ રામભાઈ કમાજી ઠાકોરની વિરુદ્ધ અપ્રમાણસર મિલ્કતની તપાસ શરૂ કરવામાં આવી હતી. તેમણે પોતાના તથા પત્નીના નામે મોટાપાયે મિલકતો એકત્ર કરી હતી. તેમની પાસેથી હોદ્દાને અનુસાર મળતા પગાર તથા ભથ્થા ઉપરાંત મોટાપાયે સંપત્તિ મળી આવતા કેસ કરવામાં આવ્યો હતો. ઘટનાને પગલે જમીન વિકાસ નિગમમાં ચકચાર મચી હતી. રામભાઈ ઠાકોર પાસેથી તેમની કાયદેસરની આવક કરતા અધધ ૧૩૮ ટકા વધુ એટલે કે કુલ રૂ. એક કરોડ બે લાખ પંદર હજાર સાતસો સુડતાલીસ રુપિયાની અપ્રમાણસર મિલ્કત મળી આવી હતી.

# ૧૫ જાન્યુઆરી પછી લગ્નમાં ૨૦૦ મહેમાનની મંજૂરી મળે તેવી શક્યતા



ગાંધીનગર,
રાજ્યમાં કોરોના મહામારી દરમિયાન લૉકડાઉન લગાવવામાં આવતાં લગ્ન પ્રસંગો બંધ થઈ ગયા હતા, જે અનલૉકની પ્રક્રિયામાં ફરીવાર શરૂ થઈ ગયા હતા. ત્યારે સરકારે ૧૦૦ મહેમાનની મંજૂરી આપી હતી. જ્યારે હવે રાજ્યમાં કોરોના ધીમો પડી ગયો છે, રોજેરોજ કેસોમાં ઘટાડો થઈ રહ્યો છે ત્યારે સરકાર ઉત્તરાયણ બાદ એટલે કે ૧૫ જાન્યુઆરી પછી કમૂરતાં ઊતરતાં લગ્નમાં ૧૦૦ની જગ્યાએ ૨૦૦ મહેમાનની મંજૂરી આપે એવી શક્યતા છે. બીજી બાજુ, લગ્નમાં માત્ર ૧૦૦ લોકોને જ મંજૂરી અને રાજકીય તાયફાઓમાં ભીડ ભેગી થતી હોવા છતાં કોઈ કાર્યવાહી નહીં થતાં લોકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે. આ સ્થિતિમાં સરકાર લગ્નમાં મહેમાનોની સંખ્યા ડબલ કરી શકે છે. હાલમાં રાજ્યમાં ચાર મહાનગરમાં રાત્રિ કર્ફ્યૂ રાત્રે ૧૦ વાગ્યાથી અમલમાં છે, એમાં ફેરફાર કરીને રાત્રે ૧૨ વાગ્યાથી કર્ફ્યૂ લાદી શકે છે.

૨૨ માર્ચે જ્યારે જનતા કર્ફ્યૂ લાગુ થયો હતો, એ પહેલાં જ દેશભરમાં રાજ્ય સરકારોએ ધાર્મિક, સાંસ્કૃતિક, એકેડમી, રમત-ગમત, મનોરંજન અને રાજકીય આયોજન પર પ્રતિબંધ લગાવી દીધો હતો. હવે એને ૨૧ સપ્ટેમ્બરે શરૂ કરવાની પરવાનગી અપાઈ હતી. ઓપન એર થિયેટરને પણ ૨૧ તારીખથી ખોલવાની છૂટ અપાઈ હતી, પણ આ કાર્યક્રમોમાં કેટલીક શરતો સાથે છૂટ હતી, જેમાં પ્રસંગોમાં ૧૦૦થી વધારે લોકો ભેગા નહીં થઈ શકે. પ્રસંગમાં હાજરી આપનારે માસ્ક પહેરવું ફરજિયાત હતું.

ત્યાં સોશિયલ ડિસ્ટન્સિંગના ઉપાય કરવા જરૂરી હતા. ઉપરાંત આવી જગ્યાએ થર્મલ સ્ક્રીનિંગ અને હેન્ડ સેનિટાઈઝર કે હેન્ડ વોશની સુવિધા રાખવી ફરજિયાત હતી. અમદાવાદ શહેરમાં ૨૧ અને ૨૨ નવેમ્બરે કર્ફ્યૂ લદાતાં ૧૭૦૦ લગ્ન પર કર્ફ્યૂનું ગ્રહણ લાગી ગયુંહતું. કર્ફ્યૂ અને નાઈટ કર્ફ્યૂ આવતાં વેડિંગ ઈવેન્ટ વ્યવસાય ૮ મહિના બાદ ફરી શરૂ થતાં જ બંધ થઈ ગયો હતો. અમદાવાદમાં આ સમયે કુલ ૧૭૦૦ લગ્નના બુકિંગ થયા હતા, જે રદ કરવા પડ્યા હતા. માત્ર એટલું જ નહીં, લોકોના ત્યાં મહેમાનો પણ આવી ગયા હતા અને પાર્ટી પ્લોટ બુકિંગ થઈ ગયા હતા, જેને કારણે લગ્ન કરનારા લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

## ૩૧ જાન્યુઆરી સુધીમાં આંગણવાડી સેવા શરુ કરવા સુપ્રીમનો રાજ્યોને આદેશ



ન્યુ દિલ્હી,
કોરોના મહામારીના ફેલા બાદ દેશમાં માર્ચ મહિનામાં લોકડાઉન લાગુ થયુ હતું ત્યારથી શાળઆ કોલેજોની સાથે આંગણવાડીઓ પણ બંધ થઈ હતી. ત્યારે દસ મહિના સમય બાદ વિવિધ રાજ્ય સરકારો દ્વારા તબક્કાવાર શાળા અને કોલેજો ખોલવાની શરુઆત થઈ છે. જો કે દેશભરની આંગણવાડીઓ હજુ પણ બંધ જ છે.

ત્યારે હવે સુપ્રીમ કોર્ટ દ્વારા આ અંગે આદેશ આપવામાં આવ્યો છે. સુપરીમ કોર્ટ દ્વારા તમામ રાજ્ય સરકારો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોને આદેશ આપવામાં આવ્યો છે કે આ મહિનાના અંત સુધીમાં અટલે કે ૩૧ જાન્યુઆરી સુધીમાં આંગણવાડી સેવાઓ શરુ કરવા અંગે નિર્ણય કરવામાં આવે. જે વિસ્તાર કોરોના કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવે છે તેમને આ આદેશમાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

દસ મહિનાથી બંધ આંગણવાડીને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી, જેમાં આંગણવાડીઓને ફરીથી શરુ કરવાની વાત કરવામાં આવી હતી. અરજીની અંદર કોરોનાના કારણે ૧૪ લાખ આંગણવાડીઓ બંધ હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. અરજીમાં કહેવામાં આવ્યું હતુ કે બાળકો અને માતાઓને પોષણક્ષમ આહાર મળવામાં મુશ્કેલી થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે આંગણવાડીના માધ્યમથી શૂન્યથી છ વર્ષના બાળકો અને ગર્ભવતી મહિલાઓને સૂકુ રાશન આપવામાં આવે છે. ત્યારે સુપ્રીમ કોર્ટે આ અરજીની સુનવણીમાં તમામ રાજ્ય સરકારોને નિર્ણય લેવા માટે આદેશ આપ્યો છે.

## બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સની પ્રેક્ટિકલ પરીક્ષા આગામી ૩૦ માર્ચથી લેવામાં આવશે

ગાંધીનગર,
રાજ્યમાં ધોરણ ૯થી ૧૨ની સ્કૂલો શરૂ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ ઉત્સાહભેર સ્કૂલમાં જઈ રહ્યાં છે. ત્યારે બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સની પ્રેક્ટિકલ પરીક્ષા આગામી ૩૦ માર્ચથી લેવામાં આવશે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની ૨૧ મે ૨૦૨૧માં યોજાનાર પરીક્ષામાં નોંધાયેલ વિદ્યાર્થીઓની પ્રેક્ટિકલ પરીક્ષા આગામી ૩૦ માર્ચ ૨૦૨૧ના રોજ લેવામાં આવશે.

જેમાં રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયની પ્રેક્ટિકલ પરીક્ષા જિલ્લાના નિયત થયેલ પરીક્ષા કેન્દ્રો ખાતે બોર્ડ દ્વારા લેવામાં આવશે. જેની સ્કૂલના આચાર્યો, વાલીઓ અને વિદ્યાર્થીઓએ નોંધ લેવી. આ જાહેરાતને પગલે બોર્ડ દ્વારા હવે ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી જાન્યુઆરી માસમાં શરૂ કરવાનું આયોજન કરાયું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 122

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## શહેરાના ભોટવા ગામે

# બે વર્ષ અગાઉ થયેલા પ્રેમલગ્નની અદાવતે બે મકાનો અને રીક્ષા સળગાવી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના ભોટવા ગામે બે વર્ષ પહેલા થયેલ પ્રેમ લગ્નની અદાવત રાખીને યુવતિના પિતા અને અન્ય ૧૩ વ્યકિતઓ એક સપં કરીને હલ્લાબોલ કરી હતા અને રીક્ષા તેમજ બે મકાનો સળગાવી નાખવામાં આવતાં આ બાબતે શહેરા પોલીસ મથકે રાયોટીંગનો ગુનો નોંધાવવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના ભોટવા ગામે આમલી ફળીયામાં રહેતી સુનિતા સાહેલસિંહ બારીયાને ફળીયામાં રહેતા સંજય પટેલ સાથે પ્રેમ સંબંધ હોવાને લઈ ભોટવા ગામેથી ૨૦૧૭માં ભાગી ગયા હતા અને બન્ને બે વર્ષ સુધી સુખી દાંપત્યજીવન ગુજાર્યું હતું. ૧૦મી જાન્યુઆરીના રોજ સંજયભાઈ એ સુનિતા બિમાર હોય અને મહેસાણા દવાખાનામાં દાખલ છે. તેવા ફોન કરીને વિક્રમભાઈને જણાવ્યું હતું. ત્યારે વિક્રમભાઈ એ સુનિતા અને સંજય ભાગી જતાં બે વર્ષ પહેલા થયેલ મારામારીને લઈ મહેસાણા જવાની અસંમતિ દર્શાવી હતી. ૧૧ જાન્યુઆરીના રોજ સંજય ફોન કરીને જણાવ્યું હતું કે, સારવાર દરમ્યાન સુનિતા મૃત્યુ પામી છે. પ્રેમ લગ્ન હોવાની મહેસાણા પોલીસને જાણ કરતાં પોલીસ અકસ્માત મોતનો ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. તેવું શહેરા પોલીસ મથકના ના પી.આઈ. એ જણાવ્યું હતું. દવા સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ સુનિતાના મૃતદેહને તેના પતિને સસરાં એ વતન ભોટવા લવાતા

### બે મકાન તેમજ રીક્ષા સળગાવતા ૧૩ લોકો સામે વિવિધ કલમો સાથે રાયોટીંગનો ગુનો નોંધાયો

બે વર્ષ પહેલા ૨૦૧૭માં ભોટવા ગામે પ્રેમ લગ્ન કરવા નાશી છુટીયા હતા. તેવા પ્રેમી પંખીડાને જે તે સમયે મદદ કરી હતી. તેવી અદાવત રાખીને ભાટવા ગામના વિક્રમભાઈના ઘરને યુવતિના પિતા અને અન્ય ઈસમો નિશાન બનાવી બે મકાન અને રીક્ષાને બાળી નાખતાં શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

કયાં લઈ ગયા અને અંતિમવિધી કયાં કરાઈ તેનાથી વિક્રમભાઈ અજાણ હતા. તેમ છતાં બે વર્ષ પહેલા પોતાની પુત્રી સુનિતાને ભગાડી લઈ જનાર સંજયને ફરિયાદી વિક્રમભાઈ દ્વારા મદદ કરાઈ હતી. તેની અદાવત રાખી અને તેમાં પણ પુત્રી સુનિતાનું મૃત્યુ થયેલ હતું. તેના માટે વિક્રમભાઈને જવાબદાર ગણીને મૃતક સુનિતાના પિતા અને ૧૩ અન્ય ઈસમો ભેગા મળીને વિક્રમભાઈના મકાન ઉપર મારક હથિયારો સાથે હલ્લાબોલ કર્યો હતો. સાથે હલ્લાબોલ કરતાં ઈસમો એ સળગતા તુવેરના કરડીયાના કાકડા લઈને વિક્રમભાઈ અને તેમના ભાઈ ભુપેન્દ્રભાઈના ઘરને આગ ચાંપી દીધી હતી. આ ઘટનાની

ભોટવા ગામે બનેલી મકાન સળગાવ્યાની ઘટનામાં તમામ ૧૩ આરોપીઓ હાલ ભાગી છૂટ્યા છે, તેઓની ભાળ મેળવવા માટે પોલીસની અલગ-અલગ ટુકડીઓ બનાવવામાં આવી છે. સાથે જ યાંત્રિક ઉપકરણોની મદદ વડે તેઓનું લોકેશન જાણવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

**એમ.આર.નકુમ,**
**પોલીસ ઈન્સ્પેક્ટર, શહેરા પોલીસ મથક.**

જાણ થતાં શહેરા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. મકાનોમાં લાગેલ આગને કાબુમાં લેવા ફાયર બ્રિગેડને બોલાવ્યા હતા પરંતુ ફાયર ફાયટરો ઘટના સ્થળે પહોંચે તે પહેલા બે મકાનો, રીક્ષા બળીને ખાખ થઈ ગયા હતા. શહેરાના ભોટવા ગામે વિક્રમભાઈની હાલત પાડાના વાંકે પખાલીનને ડામવા જેવી થઈ છે. આ બાબતે શહેરા પોલીસ મથકે વિક્રમભાઈની ફરિયાદના આધારે ૧૩ ઈસમો સામે રાયોટીંગ સિવાય અન્ય કલમ હેઠળ ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં પોલિયો સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઈ




તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,

પંચમહાલ જિલ્લા કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન ખાતે પોલિયો સ્ટિયરિંગ કમિટીની બેઠક યોજાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી ૧૭મી જાન્યુઆરીથી પોલિયો રસીકરણ અભિયાનની શરૂઆત થઈ રહી હતી, જે કોવિડ-૧૯ વેક્સિનેશનની શરૂઆત થવાના કારણે થોડા સમય માટે મુલતવી રાખવામાં આવી છે. જિલ્લા કલેક્ટરએ પોલિયો રસીકરણ અભિયાનની નવી તારીખો જાહેર થાય તે પહેલા પૂર્વ આયોજનની તૈયારીઓ વધુ સઘનપણે કરવાની દિશામાં માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પોલિયો વેક્સિનેશન ડ્રાઈવ પૂર્વે કરવાના હાઉસ-ટુ-હાઉસ સર્વે અને વેક્સિનેશન બૂથ પર કર્મચારીઓને વ્યવસ્થા સહિતની સૂક્ષ્મ વિગતો મેળવી તૈયારીઓની સમીક્ષા કરી હતી. ઈંટોના ભઠ્ઠા જેવા સ્થળો કે જયાં બાળક વેક્સિનેશનથી છૂટી જાય તેવી શક્યતા વધુ હોય તેવા હાઈરિસ્ક એરિયામાં સર્વેલન્સ સઘન બનાવવા, ઘરોની એકથી વધુ વાર મુલાકાત લેવા અને જરૂર પડે કાઉન્સેલિંગ સહિતની મદદ લઈ ૧૦૦ ટકા રસીકરણનું લક્ષ્ય પૂર્ણ કરવા અંગે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. સમગ્ર ડ્રાઈવમાં જોડાનારા કર્મચારીઓ-સુપરવાઈઝરો, કોલ્ડચેઈન પોઈન્ટ્સ, ટ્રાન્સપોર્ટેશન લોજીસ્ટીક અને ટ્રાન્સપોર્ટનું આયોજન સહિતની બાબતોની તલસ્પર્શી વિગતો મેળવી કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને આયોજન કરવા સૂચના આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પોલિયો અભિયાન અંતર્ગત જિલ્લાના ૨૫ હજારથી વધુ બાળકોને ૧૧૨૦ પરથી રસી આપવાનું સઘન આયોજન કરવામાં આવ્યું છે. કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને જો કોઈ બૂથ પર ૨૫૦થી વધુ બાળકો હોય તો જરૂર પડ્યે વેક્સીનેશન બૂથને સ્પ્લીટ કરી ૨ મિની બૂથ તૈયાર કરવામાં આવશે. આ માટે જિલ્લામાં કુલ ૨૯૧૮ આરોગ્ય કાર્યકરો, ૧૨૩૮ આંગણવાડી વર્કર બૂથ પર હાજર રહી પોલિયોના ટીપા પીવડાવશે. સમગ્ર કામગીરીના સુપરવિઝન માટે ૨૧૬ સુપરવાઈઝરો નક્કી કરવામાં આવ્યા છે. કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને રસીકરણની સમગ્ર પ્રક્રિયામાં બાળકને સ્પર્શ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.રાઠોડ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી એસ.કે. જૈન, આરસીએચઓ પી.કે. વાસ્તવ સહિતના આરોગ્યના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા શહેરના વિવિધ વિસ્તાર માંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૩૨ ફિરકા ઝડપાતા જાહેરનામાભંગની ફરિયાદ નોંધાઈ



ગોધરા,

ગોધરા શહેરના અલગ-અલગ વિસ્તારમાં પતંગ દોરીનો ધંધો કરતાં ધંધાદારીઓને ત્યાંથી પ્રતિબંધિત ઘાતક ચાઈનીઝ દોરીનો જથ્થો ૩૨ ફિરકા ઝડપી પાડવામાં આવ્યા. પોલીસે આવા વેપારીઓ વિરૂદ્ધ જાહેરનામા ભંગની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા ચાઈનીઝ દોરી અને તુકકલ ઉપર પ્રતિબંધિત જાહેર કરવામાં આવી છે. ચાઈનીઝ દોરી અને તુકકલનું વેચાણ કરવો ગુનો બને છે. અને તે માટે પંચમહાલ જીલ્લામાં અધિક મેજીસ્ટેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ગોધરા શહેરમાં પોલીસ દ્વારા ચાઈનીઝ દોરીનો વેપાર કરતાં વેપારીઓને ત્યાં તપાસ કરવામાં આવી હતી. ગોધરા પત્થર તલાવડી હનુમાન મંદિર પાછળ જય સિયારામ પતંગ ભંડાર નામની દુકાનમાં ચેકીંગ દરમ્યાન ચાઈનીઝ દોરીના ૨૬ ફિરકા કિંમત ૧૧,૭૦૦/-રૂપીયાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. પ્રતિબંધિત ચાઈનીઝ દોરી રાખી જાહેરનામાનો ભંગ કરતાં રાહુલ રમેશભાઈ દંતાણી વિરૂદ્ધ ગુનો નોંધાયો. ગોધરા પટેલવાડા ચાર રસ્તા ઉપર મુકેશ અર્જુનભાઈ મારવાડી પ્લાસ્ટીક થેલીમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ફિરકા નંગ-૩ કિંમત ૨,૭૦૦/-રૂપીયાનો જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે બાવાની મઢી સામે ખોડીયાર પતંગ ભંડાર માંથી ૧ ચાઈનીઝ ફિરકી ૪૫૦/-રૂપીયાનો જથ્થો રાખી જાહેરનામાનો ભંગ કરતા ફરિયાદ નોંધાઈ. ભુરાવાવ ધર્મ સ્ટીલની બાજુમાં રહેતા યોગેશ સોમાભાઈ ડીંડોર એ લારી ઉપર ચાઈનીઝ દોરીના બે ફિરકા કિંમત ૯૦૦/-રૂપીયા રાખીને પકડાઈ જતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે જાહેરનામાભંગની ફરિયાદ નોંધાવા પામી છે. પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરતાં વેપારીઓમાં પોલીસની બાજનજરને લઈ ફફડાટ વ્યાપ્યો છે.

## ગોધરા-અમદાવાદ હાઈવે ઉપર ટ્રકે બાઈક ઉપર પસાર થતી મહિલાને અડફેટમાં લેતાં મોત

ગોધરા,

ગોધરા-અમદાવાદ હાઈવે સીમલા વિસ્તારમાં રોડ ઉપર હિટ એન્ડ રનની ઘટના બનવા પામી છે. મહિલા બાઈક ઉપર થી ફંગોળાતા ટ્રકના પૈડા ફરી વળતા મહિલાનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું. અકસ્માતની ઘટનાને લઈ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા-અમદાવાદ હાઈવે રોડ ઉપર સીમલા વિસ્તારમાં રોડ ઉપર થી વિઝોલ પી.એચ.સી. સેન્ટરમાં નર્સ તરીકે ફરજ બજાવતા મહિલા બાઈક ઉપર પસાર થઈ રહ્યા હતા. દરમ્યાન પુરઝડપે પસાર થતી ટ્રકના ચાલકે ટકકર મારતાં મહિલા બાઈક ઉપર થી ફંગોળાઈને રોડ ઉપર પડતાં તોતીંગ ટ્રકના પૈડા મહિલા ફરી વળતાં મહિલાનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. સીમલા વિસ્તારમાં ટ્રકની અડફેટ મહિલાનું મોત થતાં બી ડીવીઝન પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતદેહને સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ટ્રક ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

# હાલોલ સ્ટેશન રોડ વિસ્તારની સરકારી સસ્તા અનાજની દુકાનના સંચાલકને પીધેલ હાલતમાં મળી આવતાં ફરિયાદ નોંધાઈ



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ સ્ટેશન રોડ ઉપર દલવાડી કંપાઉન્ડમાં આવેલ સરકારી સસ્તા અનાજની દુકાનના સંચાલક દુકાનમાં આવતા નથી અને નિયમિત અનાજનું વિતરણ કરતાં નથી. તેવી નાયબ મામલતદાર ચેકીંગમાં ગયા હતા. ત્યારે સસ્તા અનાજની દુકાનનો સંચાલક દારૂ પીધેલ હાલતમાં મળી આવી પકડાઈ જતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

હાલોલ સ્ટેશન રોડ ઉપર દલવાડી કંપાઉન્ડમાં સસ્તા અનાજની સરકારી દુકાનના સંચાલક રમણભાઈ રણછોડભાઈ પરમાર દ્વારા અનાજનું વિતરણ કરવામાં આવતું નથી અને નિયમિત દુકાન ખોલતા નથી તેવી રજુઆતના આધારે હાલોલ મામલતદારની સુચનાથી નાયબ મામલતદાર ચેકીંગમાં ગયા હતા. ત્યારે સરકારી સસ્તા અનાજની દુકાના સંચાલક રમણભાઈ પરમાર દારૂ પીધેલ હાલતમાં જોવા મળ્યા હતા. દુકાન સંચાલક પાસે દારૂ પીવાનું પરમીટ માંગતા તેમની પાસે મળી આવ્યું ન હતું. દુકાનમાં તપાસ કરતા દારૂ મળી આવેલ ન હતો તેમજ તપાસ દરમ્યાન ભાગફોડ કરવામાં આવી હતી. આ બાબતે હાલોલ પોલીસ મથકે નાયબ મામલતદાર દ્વારા સસ્તા અનાજની દુકાના સંચાલક વિરૂદ્ધ ફરિયાદ નોધાવામાં આવી છે.

# પંચમહાલ જીલ્લા આરોગ્ય કર્મચારીઓની હડતાલના પગલે મમતા દિવસની કામગીરી ખોરવાઈ

ગોધરા,

તમામ તાલુકાના ગ્રામીણ વિસ્તારના આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર જતા આજે ૧૦૦ કરતા વધારે ગામોમાં બાળ આરોગ્ય સેવાઓ, સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓની સેવાઓ, તરૂણ તરૂણઓની સેવાઓ, રસીકરણ, ટેકો એન્ટરી સેવાઓ ખોરવાઈ જવા પામી છે.

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ ગાંધીનગરના આદેશ અન્વયે ગઈ કાલથી ચારસો એંસી જેટલા આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદ્દતની હડતાલ પર જતા આરોગ્ય સેવાઓ પર ગંભીર અસર થઈ છે. લેબોરેટરી ટેક્નિશિયન ન હોવાના કારણે કોઈ પણ પ્રકારના રોગોના નિદાનની કામગીરી થઈ ન હતી. ફાર્માસીસ્ટ ના હોવાના કારણે દવા વિતરણ કામગીરી મેડિકલ ઓફીસરોએ જાતે કરવી પડી હતી. સ્ટાફ નર્સ ન હોય સ્થાનિક કક્ષાએ સંસ્થાકીય પ્રસુતિ થઈ શકી નથી. જેથી રેફરલ હોસ્પિટલ કે જનરલ હોસ્પિટલ ખાતે ધક્કા ખાય આરોગ્ય સેવાઓ લેવી પડી રહી છે. મલ્ટી પરપઝ હેલ્થ વર્કરો દ્વારા ગ્રામ્ય કક્ષાએ થતુ મેલેરીયા, ટી.બી.ડેન્ગ્યુ જેવા અનેક સર્વે કામગીરી બંધ થઈ છે. લેબોરેટરી ટેક્નિશિયન ના હોવાના કારણે કોવીડ અંતર્ગત આર.ટી.પી.સી.આર. ના નમુના લઈ નિદાન કરવાની કામગીરી સદંતર બંધ થઈ છે. પી.એચ.સી. તાલુકા હેલ્થ ઓફિસ અને જીલ્લા કક્ષાએથી થતા રાજ્ય અને કેન્દ્ર સરકારના તમામ રિપોર્ટ ઠપ્પ થવા પામ્યા છે.

## જાહેર નિવિદા

સિવિલ હોસ્પિટલ ગોધરા ખાતે ડેન્ટલ વિભાગમાં એન.ઓ.એચ.પી. પ્રોગ્રામ હેઠળ વર્ષ ડેન્ચર અને કાઉનની કામગીરી કરાવવાની થાય છે. આ માટે જાણકાર તથા રસ ધરાવતી કંપનીઓ/પેઢીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. આ કામગીરી અંગેના ટેન્ડર ફોર્મ જીલ્લા એન.સી.ડી.સેલ. સિવિલ હોસ્પિટલ-ગોધરા ખાતેથી જાહેરાત પ્રસિધ્ધ થયેથી દીન (૭) સાત સુધીમાં કચેરી સમય દરમ્યાન જાહેર રજાના દિવસો સિવાય રૂપીયા ૨૦૦/- ફી પોતાના લેટર પેડ પર અરજી કરીને મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ ફક્ત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા.૨૨/૦૧/૨૦૨૧ મોકલી આપવાના રહેશે.

મુખ્ય જીલ્લા તબીબ અધિકારી
સહ સિવિલ સર્જન
જીલ્લા એન.સી.ડી.સેલ
સિવિલ હોસ્પિટલ પંચમહાલ-ગોધરા

માહિતી/ગોધરા/૭૨૯/૨૦૨૧

## પંચમહાલ જિલ્લા માટે ખુશખબર

# કોવિડ વેકસીન કોવિશિલ્ડના ૧૧,૩૨૦ ડોઝ ગોધરા ખાતે પહોંચ્યા



ગોધરા,

પંચમહાલ જિલ્લાની કોરોના સામેની લડાઈમાં અત્યારસુધીના સૌથી સારા સમાચારરૂપે કોરોના સંક્રમણ સામે રક્ષણ આપતી સ્વદેશી વેક્સિન કોવિશિલ્ડના ૧૧,૩૨૦ ડોઝ પૂણેથી ગોધરા આવી પહોંચ્યા હતા. આ શુભ પ્રસંગે જીલ્લાના વરિષ્ઠ અધિકારીઓ તેમજ આરોગ્યકર્મીઓએ ઉપસ્થિત રહી તાળીઓના ગડગડાટ સાથે વેક્સિનના જથ્થાનું સ્વાગત કર્યું હતું. વડોદરાથી ૪ બોક્સમાં ૧૧૩૨ વાયલ કોવિશિલ્ડના ગોધરા ખાતે આવી પહોંચ્યા હતા. વેક્સિનના આ પ્રથમ જથ્થાને ગોધરામાં આરોગ્ય વિભાગના જિલ્લા વેક્સીનેશન સ્ટોર ખાતે સરકાર દ્વારા જાહેર કરાયેલ માર્ગદર્શિકાના પાલન સાથે સંગ્રહ કરવામાં આવ્યા છે. જિલ્લામાં ૧૬મી જાન્યુઆરીથી વેક્સિનેશન ડ્રાઈવનો પ્રારંભ થઈ રહ્યો છે, જે અંતર્ગત ૧૬મીએ કુલ ૬ રસીકરણ કેન્દ્રો પરથી સ્વાસ્થ્યકર્મીઓને વેક્સિન આપવાની શરૂઆત કરવામાં આવશે. પ્રત્યેક બૂથ પરથી દિવસમાં ૧૦૦ લાભાર્થીઓને નિર્દેશિત તકેદારી સાથે વેક્સિન આપવામાં આવશે. પ્રથમ તબક્કામાં જિલ્લામાં ૯,૨૭૬ જેટલા સરકારી તથા ખાનગી ક્ષેત્રે જોડાયેલા હેલ્થકેર વર્કરોને વેકસીન આપવામાં આવશે.

- જિલ્લાના સરકારી તથા ખાનગી ક્ષેત્રના ૯ હજારથી વધુ હેલ્થ વર્કરોને પ્રથમ તબક્કામાં કોવિશિલ્ડ વેકસીન અપાશે.
- I.L.R., સ્ટોરેજ, વેક્સિનેટર, તાલીમ, વેકસીનેશન માટેના ગ્રુપ સહિતની તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.
- ૧૬મી જાન્યુઆરીએ જિલ્લાના ૬ કેન્દ્રો પરથી થશે રસીકરણનો પ્રારંભ.

વેક્સિનેશન અંગેની તમામ તૈયારીઓ નિર્ધારિત પ્રોટોકોલ અને એસ.ઓ.પી.ને ચુસ્ત રીતે અનુસરીને તંત્ર દ્વારા પૂર્ણ કરવામાં આવી છે. જે માટે પૂરતા પ્રમાણમાં I.L.R., સ્ટોરેજ કેપેસિટી, વેક્સિનેટર્સ, સંબંધિત કર્મચારીઓની સઘન તાલીમ સહિતની વેકસીનેશન અંગેની તમામ પ્રકારની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. ૧૬મી તારીખે રાજ્ય સરકારનો આદેશ મળતાની સાથે તુરંત જ વેક્સિનેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. રસી આપવાની છે તેવા લાભાર્થીઓને એસ.એમ.એસ. મારફતે તેમના કેન્દ્રની જાણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનિય છે કે, કોવિડ વેકસીન કોવિશિલ્ડના સિરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા બનાવવામાં આવી છે. આ વેક્સિનનું તાપમાન ૨ થી લઈને ૮ ડિગ્રી સે. જેટલું જાળવી રાખવામાં આવે છે. તમામ કેન્દ્રો પર ફ્રિઝરના ટેમ્પરેચર અને તમામ વેક્સિનના સ્ટોકનું મોનીટરીંગ EVIN સોફ્ટવેર મારફત ઓનલાઈન જોઈ શકાય છે.

**જિલ્લા કલેક્ટર : અમીત અરોરા**